

**પ્રેસ-નોટ** **તા.૧૨/૧૨/૨૦૨૩**

**અમદાવાદ શહેરના સેટેલાઈટ પોલીસ સ્ટેશનના ગુનાના કામે નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.**

**શ્રી ગૌતમ પરમાર સાહેબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ,ભાવનગર**નાઓ દ્વારા તથા **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુન્હાનાં કામે નાસતા-ફરતા તેમજ જિલ્લા જેલમાંથી પે-રોલ/ફર્લો અને વચગાળાનાં જામીન ઉપથી છુટી ફરાર આરોપીઓ અંગે માહિતી મેળવી તેમને પકડી પાડી જેલ હવાલે કરવા જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી **એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.ડી.ચૌધરી** તથા **પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી એન.બી.ભટ્ટ** તથા **એસ.ઓ.જી.ટીમ** બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે અમદાવાદ શહેરના સેટેલાઈટ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૨૨૩૦૩૯૧/૨૦૨૩, આઈ.પી.સી. કલમ-૩૮૪, ૩૮૫, ૫૦૬(૧) મુજબનાં ગુનાના કામે નાસતો-ફરતો પકડવાનો બાકી રહેલ આરોપી અમીતભાઈ નરશીભાઈ ગીનીયા રહે.૧૪, શિક્ષક સોસાયટી, ગોકુલપરા, બગસરા, જિ.અમરેલી વાળો બગસરા ટાઉન ખાતે આવેલ ભુતનાથ મહાદેવ મંદીર પાસે ઉભેલ હોય તેવી હકિકત મળતા મજકુર ઈમને પકડી પાડી સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(આઈ) મુજબના કામે અટક કરી આગળની વધુ તપાસ અર્થે બગસરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

⇨ **પકડાયેલ આરોપી:-**

**અમીતભાઈ નરશીભાઈ ગીનીયા, ઉ.વ – ૩૦, ધંધો – વેપાર, રહે.૧૪, શિક્ષક સોસાયટી, ગોકુલપરા, બગસરા, જિ.અમરેલી.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ **એસ.ઓ.જી.ટીમના એ.એસ.આઈ. નાજભાઈ પોપટ** તથા **એ.એસ.આઈ. રફીકભાઈ રાઠોડ તથા એ.એસ.આઈ. જિતેન્દ્રભાઈ મહેતા** દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસ નોટ** **તા.૧૨/૧૨/૨૦૨૩**

**વાહનમાંથી બેટરીની ચોરી કરનાર બે ઈસમોને પકડી પાડી, જાફરાબાદ પોલીસ સ્ટેશનનો ચોરીનો ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

⇨ **ગુન્હાની વિગતઃ-**

કનુભાઇ ભીમભાઇ કોઠીયા, ઉ.વ.૫૭, રહે.લોઠપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી વાળાનો ટ્રક રજી.નં.જી.જે.૧૧.ઝેડ.૨૨૯૪ વાળો પોતાના ઘર પાસે પાર્ક કરેલ હોય, જે ટ્રકમાંથી ગઇ તા.૯/૧૨/૨૦૨૩ નાં રોજ કોઇ અજાણ્યા ઈસમોએ બેટરી કિં.રૂ.૫,૦૦૦/- ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે કનુભાઇએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા **જાફરાબાદ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૪૨૩૦૪૭૦ /૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૭૯** મુજબનો ગુન્હો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી. શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ દ્વારા** ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામના બસ સ્ટેન્ડ પાસેથી બે ઈસમોને ઉપરોક્ત ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી, આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા જાફરાબાદ પો.સ્ટે.માં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીઓની વિગતઃ-**

(૧) લાલજી ચોથાભાઇ સોલંકી, ઉ.વ.૩૨, રહે.લોઠપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૨) મનુ નાથાભાઇ મકવાણા, ઉ.વ.૨૭, રહે.લોઠપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

➡ **રીકવર કરેલ મુદ્દામાલઃ-**

એક વાહનની બેટરી Thinklight કંપની **કિં.રૂ.૫,૦૦૦/- નો મુદ્દામાલ**

➡ **પકડાયેલ આરોપી લાલજી ચોથાભાઇ સોલંકીનો ગુનાહિત ઇતિહાસઃ-**

પકડાયેલ આરોપી લાલજી ચોથાભાઇ સોલંકી વિરૂધ્ધમાં નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) રાજુલા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૨૦૫૪૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

(૨) પીપાવાવ મરીન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૪૫૨૨૦૨૮૨/૨૦૨૨, ઇ.પી.પો.કલમ ૩૭૯ મુજબ.

➡ **પકડાયેલ આરોપી મનુ નાથાભાઇ મકવાણાનો ગુનાહિત ઇતિહાસઃ-**

પકડાયેલ આરોપી મનુ નાથાભાઇ મકવાણા વિરૂધ્ધમાં નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) નાગેશ્રી પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૧૭/૨૦૧૫, ઇ.પી.કો. કલમ ૩૯૪, ૩૬૫, ૧૧૪ મુજબ.

(૨) રાજુલા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૨૦૫૪૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

(૩) પીપાવાવ મરીન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૪૫૨૨૦૨૮૨/૨૦૨૨, ઇ.પી.પો.કલમ ૩૭૯ મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા** તથા **હેડ કોન્સ. લીલેશભાઇ બાબરીયા,** તથા **પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, વિનુભાઇ બારૈયા** દ્વારા કરવામાં આવેલ છે.

**✪ પ્રેસ નોટ ✪** **<u>તા.૧૬/૧૨/૨૦૨૩</u>**

## <u>અમરેલી જિલ્લાના લીલીયા પોલીસ સ્ટેશનના લુંટના ગુનામાં છ માસથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

### ➡ <u>ગુનાની વિગતઃ-</u>

તા.૦૭/૦૨/૨૦૨૩ ના રાત્રિના આશરે બારેક વાગ્યે અશોકભાઇ મધુભાઇ ગજેરા, ઉ.વ.૫૬, રહે.ગોઢાવદર, તા.લીલીયા, જિ.અમરેલી વાળા પોતાની ગોઢાવદર ગામે ઉંડા કેડા તરીકે ઓળખાતી સીમમાં આવેલ વાડીએ ઘઉમાં પાણી વાળવાનું કામ કરતા હોય તે દરમિયાન ત્રણ અજાણ્યા ઇસમો મોઢે બુકાની બાંધી પોતાનો સામાન્ય ઇરાદો પાર પાડવા આવી, અશોકભાઇને લાકડાના ધોકા વડે આડેધડ માર મારી, ઇજા કરી, રોકડા રૂ.૧૭૦૦/- તથા એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિ.રૂ.૭૦૦૦/- મળી કુલ કિં.રૂ.૮,૭૦૦/- ની લુંટ કરી, નાસી જઇ ગુનો કરેલ હોય, જે અંગે અશોકભાઇએ અજાણ્યા ત્રણ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા **લીલીયા પો.સ્ટે.એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૫૨૩૦૦૨૬ /૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૯૨, ૩૯૪, ૪૪૭, ૧૨૦બી, ૩૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫** મુજબનો ગુનો રજી. થયેલ. જે ગુનામાં ગઇ તા.૨૮/૦૭/૨૦૨૩ નાં રોજ એલ.સી.બી. ટીમ દ્વારા બે આરોપીઓને કુલ કિં.રૂ.૨૨,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં આવેલ. જેમાં આરોપી રાજુ ગુમડાભાઇ બામનીયા નાસતો ફરતો હતો.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમે લીલીયા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૫૨૩૦૦૨૬/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૩૯૨, ૩૯૪, ૪૪૭, ૧૨૦બી, ૩૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫** મુજબના ગુનાના કામેનો સહ આરોપી છેલ્લા છ માસથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, મજકુર લીસ્ટેડ આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે આજ રોજ તા.૧૬/૧૨/૨૦૨૩ નાં રોજ લીલીયા ગામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### ➡ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

**રાજુ ગમુડાભાઇ બામનીયા, ઉ.વ.૨૫, રહે.ભુરીયાકુંડ, તા.ગંધવાણી, જી.ધાર (મધ્યપ્રદેશ)**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **એ.એસ.આઇ. જિગ્નેશભાઇ અમરેલીયા,** તથા હેડ કોન્સ. **આદિત્યભાઇ બાબરીયા, તુષારભાઇ પાંચાણી** તથા **પો.કોન્સ. ભાવિનગીરી ગૌસ્વામી** દ્વારા કરવામાં આવેલ છે.

**✪ પ્રેસ નોટ ✪** **<u>તા.૧૬/૧૨/૨૦૨૩</u>**

**રાજુલામાંથી મહિલાને વાતોમાં મશગુલ કરી, સોનાની બુટ્ટીની ચીલ ઝડપ કરનાર ઈસમને કુલ કિં.રૂ.૪૧,૮૬૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

➡ **ગુન્હાની વિગતઃ-**

મરીયમબેન રહીમભાઇ વારૈયા, ઉ.વ.૫૫, રહે.રાજુલા, આગરીયા જકાતનાકા પાસે, તા.રાજુલા, જિ.અમરેલી વાળા ગઇ તા.૦૪/૧૨/૨૦૨૩ નાં બપોરના આશરે બે વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી ટાવર બાજુ જતા હોય, અને નગરપાલીકા કચેરીની આગળ ગોલ્ડન પ્લાઝા કોમ્પ્લેક્ષ પાસે પહોંચતા એક અજાણ્યો ઈસમ મરીયમબેન પાસે આવી વાતોમાં મશગુલ કરી, નજર ચુકવી બન્ને કાનની સોનાની બુટ્ટી કિં.રૂ.૪૦,૦૦૦/- ની આંચકી નાશી જઇ ગુનો કરેલ હોય, જે અંગે મરીયમબેનએ અજાણ્યા પુરૂષ આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપતા **રાજુલા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૩૦૫૩૨/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯એ(૩)** મુજબનો ગુન્હો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ આ પ્રકારના અનડીટેક્ટ ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા અનડીટેક્ટ ગુનાઓના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરવામાં આવેલ. તેમજ બનાવના સ્થળની આજુબાજુના સી.સી.ટી.વી. ચેક કરવામાં આવેલ તેમજ શકદારોને ચેક કરવામાં આવેલ. આ ગુનાના ફરિયાદીની પુછપરછ કરી, આરોપીના વર્ણન અંગે માહિતી મેળવી, આવા વર્ણન વાળા ઇસમો અને આ પ્રકારના ગુનાઓ કરવાની એમ.ઓ. ધરાવતા આરોપીઓ અંગે તપાસ કરવામાં આવેલ. અનડીટેક્ટ ગુનાના આરોપીઓને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમિયાન **અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ ટીમ**ની મદદથી અજાણ્યા આરોપીની ઓળખ મેળવી, આરોપીને ઉપરોક્ત ચીલ ઝડપના મુદ્દામાલ સાથે પકડી પાડી, પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં ઉપરોક્ત અનડીટેક્ટ ગુનો કરેલ હોવાની કબુલાત આપેલ હતી.

➡ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

**યાસીન ઉર્ફે બાકડો કાળુભાઇ શેખ, ઉ.વ.૫૦, રહે.અમદાવાદ, જમાલપુર, મોચી હોડ, કડીયાવડ, મસ્જીદ પાસે, ટ્રાયખલ વિસ્તાર.**

➡ **રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-**

**એક સોનાનો ઢાળીયો વજન ૯.૯૬૦ ગ્રામ કિં.રૂ.૪૧,૮૬૦/- નો મુદ્દામાલ.**

➡ **પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-**

પકડાયેલ આરોપી યાસીન ઉર્ફે બાકડો કાળુભાઇ શેખ નીચે મુજબના ગુનાઓમાં પકડાયેલ છે.

(૧) વડોદરા સીટી પો.સ્ટે. (વડોદરા શહેર) ફ.ગુ.ર.નં.૯૫/૨૦૧૦, આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦.
(૨) મણીનગર પો.સ્ટે.(અમદાવાદ શહેર) ફ. ગુ.ર.નં.૧૭૨/૨૦૧૦, આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦.
(૩) હિંમતનગર સીટી પો.સ્ટે. (જિ.સાબરકાંઠા) ફ.ગુ.ર.નં.૨૮૭/૨૦૧૧, આઇ.પી.સી. કલમ ૩૭૯.
(૪) ઉંઝા પો.સ્ટે.(જિ.મહેસાણા) ફ. ગુ.ર.નં.૨૨૮/૨૦૧૧, આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦.
(૫) મોડાસા પો.સ્ટે. (જિ.અરવલ્લી) ફ. ગુ.ર.નં.૧૬/૨૦૧૨, આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦.
(૬) હિંમતનગર એ ડીવી. પો.સ્ટે.(જિ.સાબરકાંઠા) ફ.ગુ.ર.નં.૬૬/૨૦૧૨, આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦.
(૭) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) સે.ગુ.ર.નં.૫૪/૨૦૧૩, જી.પી.એક્ટ કલમ ૧૪૨
(૮) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) સે.ગુ.ર.નં.૫૭/૨૦૧૩, જી.પી.એક્ટ કલમ ૧૪૨
(૯) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) ફ.ગુ.ર.નં.૫૯/૨૦૧૩, આઇ.પી.સી. કલમ ૨૯૪, ૩૨૩, ૫૦૬(૨).
(૧૦) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) સે.ગુ.ર.નં.૭૩/૨૦૧૩, જી.પી.એક્ટ કલમ ૧૪૨.
(૧૧) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) સે.ગુ.ર.નં.૫૬/૨૦૧૩, જી.પી.એક્ટ કલમ ૧૪૨.
(૧૨) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) ફ.ગુ.ર.નં.૨૪૪/૨૦૧૩, આઇ.પી.સી. કલમ ૨૯૪, ૩૨૪.
(૧૩) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) સે.ગુ.ર.નં.૩૨૨૫/૨૦૧૩, જી.પી.એક્ટ કલમ ૧૪૨
(૧૪) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) સે.ગુ.ર.નં.૯૭/૨૦૧૪, જી.પી.એક્ટ કલમ ૧૪૨.
(૧૫) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) સે.ગુ.ર.નં.૧૪૭/૨૦૧૪, જી.પી.એક્ટ કલમ ૧૪૨.
(૧૬) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) ફ.ગુ.ર.નં.૨૮૪/૨૦૧૪, જી.પી.એક્ટ કલમ ૧૪૨.
(૧૭) ગાયકવાડ હવેલી પો.સ્ટે. (અમદાવાદ શહેર) સે.ગુ.ર.નં.૧૪૫/૨૦૧૫, જુગાર ધારા કલમ ૧૨.

(૧૮) દાણીલીમડા પો.સ્ટે. (અમદાવાદ શહેર) સે.ગુ.ર.નં.૩૦૬૫/૨૦૧૭, જુગાર ધારા કલમ ૪, ૫.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી. ગોહિલ,** તથા **એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ, બહાદુરભાઇ વાળા** તથા હેડ **કોન્સ. મનીષભાઇ જાની, નિકુલસિંહ રાઠોડ, લીલેશભાઇ બાબરીયા,** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા, યુવરાજસિંહ વાળા, વિનુભાઇ બારૈયા, ભાવિનગીરી ગૌસ્વામી** દ્વારા કરવામાં આવેલ છે.